# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-10-2026** **Evening: 7.50 TO 8.00**
**Day: Friday** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1) PM-સેતુની રાષ્ટ્રીય સંચાલન સમિતિની છઠ્ઠી બેઠકમાં પાંચ ITI ક્લસ્ટર માટે એક હજાર 194 કરોડ રૂપિયાના રોકાણ યોજનાઓને મંજૂરી અપાઈ.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે
3) ગૃહ મંત્રાલયે વસ્તી ગણતરી અધિનિયમ , 1948 હેઠળ વસ્તી ગણતરી સુધારા નિયમ 2026 લાગુ કર્યા
4) આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે જણાવ્યું, ભારતના તેલ પુરવઠામાં વૈવિધ્ય લાવવાથી દેશને વૈશ્વિક ઉર્જા બજારોમાં વિક્ષેપોનો સામનો કરવામાં મદદ મળી.
5) ભારત અને રશિયા વર્ષ 2030 સુધી દ્વિપક્ષીય વેપારનો 100 અબજ ડૉલરનો લક્ષ્યાંક હાંસલ કરશે – રશિયામાં ભારતના રાજદૂતનું નિવેદન
6) જાપાનમાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં કુવૈતનાં ખેલાડી અલરાશીદી અહાદ સામે ભારતીય ખેલાડી ભાવિના પટેલનો ત્રણ-શૂન્યથી વિજય.

********************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SETU-ITI CLUSTER

પીએમ-સેતુની રાષ્ટ્રીય સંચાલન સમિતી ની છઠ્ઠી બેઠકમાં આજે મહારાષ્ટ્ર , ઓડિશા અને જમ્મુ અને કાશ્મીરમાં પાંચ ઔદ્યોગિક તાલીમ સંસ્થા – ITI ક્લસ્ટર માટે લગભગ એક હજાર 194 કરોડ રૂપિયાના રોકાણ યોજનાઓને મંજૂરી અપાઈ. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયે જણાવ્યું કે, આ મંજૂરીઓથી પીએમ-સેતુ હેઠળ મંજૂર કરાયેલા કુલ રોકાણને 3 હજાર 687 કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. બેઠકને સંબોધતા, મંત્રાલયના સચિવ દેબાશ્રી મુખર્જીએ જણાવ્યું હતું કે મંજૂરીઓ ITIને મજબૂત બનાવવામાં, તાલીમ ગુણવત્તા સુધારવામાં અને ઉદ્યોગ ભાગીદારી વધારવામાં મદદ કરશે.

# HM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતના પ્રવાસ દરમિયાન અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારના પ્રેરણાતીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કર્યા. ત્યારબાદ તેમણે પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કર્યા. હવે શ્રી શાહ ગાંધીનગરના રૂપાલમાં શ્રી વરદાયિની માતા મંદિરમાં દર્શન-પૂજન કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

ત્યારબાદ તેઓ માણસા ખાતે બહુચર માતાજીનાં મંદિરમાં આરતીમાં સહભાગી થશે. છેવટે શ્રી શાહ કોલવડામાં શ્રી રામજી મંદિર ખાતે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

# PM-NSG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ ( NSG) ના કર્મચારીઓને તેમના સ્થાપના દિવસ પર શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ કહ્યું કે , NSG ના કર્મચારીઓ હિંમત , ચોકસાઈ અને ફરજ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ઉમેર્યું કે NSG ના કર્મચારીઓની આતંકવાદ સામે અડગ જાગરૂકતા અને લોકો અને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સંપત્તિઓનું રક્ષણ કરવાની તૈયારી અપાર આત્મવિશ્વાસ અને ગૌરવને પ્રેરણા આપે છે.

# HOME AFFAIRS-CENSUS RULES

ગૃહ મંત્રાલયે વસ્તી ગણતરી અધિનિયમ, 1948 હેઠળ વસ્તી ગણતરી (સુધારા) નિયમો, 2026 લાગુ કર્યા છે. મંત્રાલયે આજે પરિપત્ર બહાર પાડી , આ સુધારામાં શિક્ષકો, સરકારી અધિકારીઓ, સ્થાનિક સત્તાવાળાઓ અને સંબંધિત રાજ્ય સરકારો અથવા કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દ્વારા યોગ્ય ગણાતા અન્ય વ્યક્તિઓનો સમાવેશ કરવા માટે લાયક ગણતરીકારોની યાદીમાં સુધારો કરવામાં આવ્યો છે. સુધારેલા નિયમો હેઠળ, સરકાર, સ્થાનિક સત્તાવાળાઓ, સહાયિત અને બિન-સહાયિત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ , તેમજ સોસાયટીઓ અથવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓના શિક્ષકોને ગણતરીકર્તા તરીકે નિયુક્ત કરી શકાય છે.

આ સુધારામાં કેન્દ્ર અને રાજ્ય સરકારો , સ્થાનિક સત્તાવાળાઓ અને વિવિધ સંસ્થાઓમાં કામ કરતા કારકુનો અને અન્ય અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. તેમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમો, વૈધાનિક સંસ્થાઓ, બેંકો, કંપનીઓ સહિત સોસાયટી અને ટ્રસ્ટનો સમાવેશ થાય છે.

# ED-SHARE MANIPULATION

પ્રવર્તન નિદેશાલય (ED) એ આજે RM ડ્રિપ એન્ડ સ્પ્રિંકલર્સ સિસ્ટમ્સ લિમિટેડ અને R&B ડેનિમ્સ લિમિટેડ સહિત લિસ્ટેડ કંપનીઓના શેરની કથિત હેરાફેરી સંદર્ભે 6 શહેરોમાં 29 જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા. આ દરોડા મહારાષ્ટ્રના મુંબઈ અને નાસિક અને ગુજરાતના અમદાવાદ , ગાંધીનગર, સુરત અને ભાવનગરમાં કરવામાં આવ્યા હતા. EDના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે બંને કંપનીઓએ એપ્રિલ 2023 થી માર્ચ 2024 વચ્ચે પસંદગીના વ્યક્તિઓ અને સંસ્થાઓને 3.5 કરોડથી વધુ શેર અને કન્વર્ટિબલ વોરંટ જારી કર્યા હતા.

એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે 'મલ્ટિબેગર સ્ટોક્સ' જેવા નામો ધરાવતા વોટ્સએપ ગ્રુપ્સ શેર ખરીદવા માટે પ્રમોશનલ સંદેશાઓ ફેલાવતા હતા. જેથી ખરીદદારોની સંખ્યા લગભગ 3હજાર 400 થી વધીને એક લાખથી વધુ થઈ ગઈ હતી. આ વર્ષે 25 ફેબ્રુઆરીના રોજ આવા વોટ્સએપ ગ્રુપ્સ અચાનક કાઢી નાખવામાં આવ્યા હતા. જેથી બંને કંપનીઓના શેર નીચા સર્કિટમાં આવી ગયા અને તેમના મૂલ્યના લગભગ 70 ટકા ગુમાવ્યા, જેથી એક લાખથી વધુ નાના રોકાણકારોને ભારે નુકસાન થયું. દરોડા દરમિયાન , એજન્સીએ ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, શેર વ્યવહાર રેકોર્ડ અને મિલકત દસ્તાવેજો જપ્ત કર્યા.

# SEVA SANKALP ABHIYAN EK BHARAT SHRESTHA BHARAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. તેમની આ યાત્રા રાષ્ટ્રસેવાના મંત્ર અને દેશ પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતાથી પ્રેરિત રહી છે. સેવા અને સુશાસનના આ જ દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈ સરકાર વર્ષ 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં સતત કામ કરી રહી છે. આજની વિશેષ શ્રેણીમાં વાત કરીશું એક ભારત શ્રેષ્ઠ ભારત જેવી દૂરંદેશી પહેલની.**

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(.... ભારત એક એવો દેશ છે , જ્યાં ડગલેને પગલે ભાષા અને બોલીઓ બદલી જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો ઉદ્દેશ દેશની આ જ વિવિધતાને સમજવા અને અલગ-અલગ રાજ્યના લોકો વચ્ચે જોડાણને મજબૂત કરવાનો છે. જનસેવાથી દેશસેવાના આ સંકલ્પનો પુનરોચ્ચાર કરતા પ્રધાનમંત્રીએ દેશની દરેક ભાષા અને સંસ્કૃતિને ભારતનું ગૌરવ ગણાવ્યું.*

*(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)*

*પ્રધાનમંત્રીના આ જ દ્રષ્ટિકોણનું જીવંત ઉદાહરણ છે ઝારખંડ. કોલ્હાણ ક્ષેત્રના પશ્ચિમી સિંહભૂમ જિલ્લામાં ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા સ્થાનિક જીવનની વિશેષ ઓળખ છે. કોલ્હાણમાં "હો" મુખ્ય આદિવાસી ભાષા છે , જે અહીંની વિશેષ સંસ્કૃતિ અને ઓળખની સાચવીને બેઠી છે. ચાઈબાસાનાં સ્થાનિક વિદ્યાર્થિની સંગીતા કુમારીએ આ અંગે કહ્યું,*

*(BYTE: SANGEETA KUMAR, STUDENT)*

*ચાઈબાસાની જેમ સરાયકેલા ખરવાસાનો 400 વર્ષ જૂનો રાજમહેલ અને વિશ્વપ્રસિદ્ધ છૌ નૃત્ય પરંપરા પણ વિવિધ સંસ્કૃતિનું મોટું કેન્દ્ર છે. પ્રધાનમંત્રીની જાહેરસેવાથી દેશસેવાની આ યાત્રા આજે દેશના દરેક ખૂણામાં સાંસ્કૃતિક સેતુનું નિર્માણ કરી રહી છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ [newsonair.gov.in/](newsonair.gov.in/)સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMF – OUTLOOK – INDIA

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતના તેલ પુરવઠામાં વૈવિધ્ય લાવવાના પ્રયાસોથી દેશને વૈશ્વિક ઊર્જા બજારોમાં વિક્ષેપોનો સામનો કરવામાં મદદ મળી છે. જોકે, તેણે ચેતવણી આપી છે કે ઊર્જાના ભાવમાં લાંબા સમય સુધી વધારો થવાથી ફુગાવાના નવા દબાણો સર્જાઈ શકે છે. એશિયા અને પેસિફિક માટેના તેના પ્રાદેશિક આર્થિક દૃષ્ટિકોણમાં IMF એ નોંધ્યું છે કે ભારત , જાપાન અને દક્ષિણ કોરિયા સહિત મુખ્ય એશિયન અર્થતંત્રોએ પશ્ચિમ એશિયાની બહારના વૈકલ્પિક સ્ત્રોતોમાંથી તેલ મેળવીને ઊર્જા બજારોમાં વિક્ષેપોનો સામનો કર્યો છે , જેનાથી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં મદદ મળી છે.

IMF એ અવલોકન કર્યું કે સંઘર્ષ પછી રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનો , ખાસ કરીને ડીઝલ અને ઉડ્ડયન બળતણના ભાવમાં ક્રૂડ તેલના ભાવ કરતાં વધુ તીવ્ર વધારો થયો છે. આ વ્યવસાયો માટે સંચાલન ખર્ચમાં વધારો કરી શકે છે અને ગ્રાહકોને અસર કરી શકે છે.

આ અહેવાલ વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ઊર્જા સ્ત્રોતોને વૈવિધ્યીકરણ કરવા , આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા અને સ્થિર વૃદ્ધિ જાળવવાના ભારતના પ્રયાસોના મહત્વ પર ભાર મૂકે છે.

# INDIA-RUSSIA FTA

ભારત રશિયા અને અન્ય સભ્ય દેશોમાં નિકાસ વધારવા માટે યુરેશિયન ઇકોનોમિક યુનિયન સાથે મુક્ત વેપાર કરાર ( FTA) પર વાટાઘાટો કરી રહ્યું છે. આજે કાઝાનમાં પત્રકારો સાથે વાત કરતા , રશિયામાં ભારતીય રાજદૂત વિનય કુમારે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત અને રશિયા 2030 સુધીમાં 100 અબજ યુએસ ડોલરના દ્વિપક્ષીય વેપાર લક્ષ્યાંકને પ્રાપ્ત કરશે. શ્રી કુમારે જણાવ્યું હતું કે આ વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર 38 અબજ યુએસ ડોલર રહ્યો છે. તેમણે કહ્યું હતું કે ભારત રશિયન અધિકારીઓ સાથે મળીને કૃષિ અને દરિયાઈ ઉત્પાદનો ક્ષેત્રોમાં ધોરણો સંબંધિત મુદ્દાઓ અને બિન-ટેરિફ અવરોધોને દૂર કરવા માટે કામ કરી રહ્યા છે.

# ONION EXPRESS

ગ્રાહક બાબતોના વિભાગ ભાવ સ્થિરીકરણ ભંડોળ હેઠળ ડુંગળીના જથ્થાના વિતરણનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. ત્રિપુરાના અગરતલા સુધી પહેલી વાર કાંદા એક્સપ્રેસ શરૂ કરવામાં આવી છે. ગ્રાહક બાબતો , ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે આશરે 440 મેટ્રિક ટન ડુંગળીનો આ કન્સાઇન્મેન્ટ 18 ઓક્ટોબર સુધીમાં અગરતલા પહોંચવાની અપેક્ષા છે. આ પગલાનો હેતુ ડુંગળીની ઉપલબ્ધતાને મજબૂત બનાવવા અને તહેવારોની મોસમ પહેલા પોષણક્ષમ ભાવ સુનિશ્ચિત કરવાનો છે.

# REV MEA BRIEFING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આગામી 19 અને 20 મીએ મુંબઈમાં યુએઈના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાનનું સ્વાગત કરશે. આજે બપોરે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , યુએઈના વિદેશ મંત્રીની મુલાકાત ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા કરવાની તક હશે.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે , વિદેશ મંત્રી આ મહિનાની 20મી તારીખે મુંબઈમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે પણ વાતચીત કરશે. ડૉ. જયશંકર અમેરિકાની સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે.

# ASIAN GAMES BHAVINA PATEL

ભારતીય દિવ્યાંગ ખેલાડી ભાવિના પટેલે પાંચમી પેરા એશિયન ગેમ્સમાં કુવૈતનાં ખેલાડી અલરાશીદી અહાદને ત્રણ-શૂન્યથી મ્હાત આપી વિજયી પ્રારંભ કર્યો. જાપાનના નાગોયામાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં ભાવિના પટેલ પહેલા રાઉન્ડથી જ આગળ રહ્યાં હતાં. તેમણે કુવૈતનાં ખેલાડીને 11-6 , 11-3, 11-6થી હરાવ્યાં છે. હવે આવતીકાલે ભારતીય ખેલાડી ભાવિના પટેલ જોર્ડનનાં ખેલાડી એલિમાં ફતેન સામે ટકરાશે. ભારતીય સમય મુજબ , આવતીકાલે બપોરે બે વાગ્યેને 40 મિનિટે આ મેચ શરૂ થશે.